# જ્યોતીન્દ્ર મહેતા સતત ચોથીવાર સહકારી બેંક્સ ફેડ.ના ચેરમેન

**અમદાવાદ:** ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેંક્સ ફેડરેશનના ચેરમેનપદે રાજકોટના અગ્રણી જ્યોતીન્દ્ર મહેતા સતત ચોથીવાર બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. વાઇસ ચેરમેનપદે ડોલરરાય કોટેચા સતત ત્રીજીવાર બિનહરીફ ચૂંટાયા છે. આ ઉપરાંત ચેરમેન પદે સળંગ ચોથી વખત ચૂંટાઈ આવેલા જ્યોતીન્દ્ર મહેતા રાજકોટ નાગરિક સહકારી બેન્કના ચેરમેન ઉપરાંત સહકારી સંગઠન નાફખબ (નેશનલ ફેડરેશન ઓફ અર્બન કો-ઓપરેટિવ બેન્ક્સ) અને એનસીયુઆઇના ડિરેક્ટર પણ છે. ડોલરરાય કોટેચા હાલમાં જમીન વિકાસ બેંકના વાઇસ ચેરમેન અને ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેન્ક તથા જૂનાગઢ કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્કમાં પણ સક્રિય સેવાઓ આપી રહ્યા છે.